

(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

# મોડાસામાં ભારત ફાઈનલમાં પહોંચે તે માટે સત્યનારાયણની કથા

મોડાસા, તા. ૨૫

સમગ્ર વિશ્વમાં હાલ વલ્ડકપ નો ફીવર છવાયેલો છે. હાલ તમામ અખબાર અને ટીવીમાં પણ વર્લ્ડકપના સમાચાર છવાયેલ છે ત્યારે ફરી એકવાર ભારત સેમીફાઈનલ પહોચ્યુ છે ત્યારે આજે ભારતનો મુકાબલો ઓસ્ટ્રલીયા સામે થવાનો છે.

આજે યોજાનારી સેમી ફાઈનલ મેચ માટે ભારતવાસીઓએ એડવાન્સમાં ઓફીસોમાં રજા પાડી દીધી છે અને અમુક શહેરોમાં તો મોટી મોટી સ્ક્રીનમાં મેચ જોવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ત્યારે આ ભારત અને ઓસ્ટ્રલીયાની સેમીફાઈનલ મેચ એ કાટાની ટકકર સમાન હોય ભારતવાસીઓને ઘણી આતુરતાથી આવતીકાલની રાહ જોઈ રહયા છે. કારણ કે આ સેમી ફાઈનલ મેચમાં જે ટીમ જીતે તે પ્રથમ વખત સાઉથ આફ્રીકાને હરાવી ફાઈનલમાં પહોચનારી ન્યુઝીલેન્ડ સામે ટકકર થવાની છે તેથી ભારત આજની આ સેમીફાઈનલની મેચ જીતીને ફાઈનલમાં ન્યુઝીલેન્ડને હરાવી વર્લ્ડકપ જીતે તે માટે મોડાસા ખાતે નિત્યદર્શન સોસાયટીના રહીશો ધ્વારા સત્યનારાયણની કથા યોજી ભારતની જીત માટે પ્રાર્થના કરવામાં આવી હતી. જયારે સમગ્ર અરવલ્લી જીલ્લામાં પણ મંદીરો અને મસ્જીદોમાં લોકો ધ્વારા ભારત સેમીફાઈનલ જીતીને ફાઈનલમાં પહોચે અને ન્યુજીલેન્ડને હરાવી વર્લ્ડકપ લાવે તે માટે દુઆઓ માંગવામાં આવી રહી છે.

# ઊંઝાના ગણપતિ મંદિરે ચૈત્રી નવરાત્રીનો મેળો યોજાયો

ઊંઝા, તા. ૨૫

ઊંઝા નજીકના તીર્થધામ ઐઠોર ખાતે શ્રી ગણપતિદાદાના પ્રાચિન મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ ચૈત્ર સુદ ત્રીજથી પાંચમ સુધી ભવ્ય લોકમેળો યોજાયો હતો.

ગણેશચતુર્થીના દિવસે શુકનફળ જોવા તેમજ ગણપતિદાદાના દર્શન કરવા માટે હજ્જારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભાવિકજનો ઉમટ્યા હતા. જેઓએ ભાતીગળ મેળો માણી શુકનનો વરતારો જાણી દાદાના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

પુષ્પાવતી નદીના કિનારે ગણપતિદાદાનું પ્રાચિન મંદિર આવેલ છે. ચૈત્ર સુદ-૪ ના રોજ સાંજે શુકનફળ જોવામાં આવ્યા હતા. આ શુકનફળના આધારે ખેડૂતને સ્પર્શતા તથા લોક સુખાકારીના વરતારો જાણવાની પરંપરા વર્ષોથી ચાલી આવી છે. આ મેળો ખેડૂતોના હાર્દ અને આત્માને જગાડી ખગોળ અને વિજ્ઞાન સાથે તાલ મેળવે છે.

ત્રિદિવસીય મેળા દરમિયાન નાયકભાઈઓ દ્વારા કથાનું રસપાન તેમજ રાત્રે ભવાઈના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. મેળાને અનુલક્ષીને ઊંઝા, વિસનગર તેમજ અન્ય ડેપો દ્વારા યાત્રિકોને બસ સવલત મળી રહે તે માટે એકસ્ટ્રા એસ.ટી. બસોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઊંઝા નજીકના ઐઠોર ગામે ગણપતિદાદાના પરિસરમાં યોજાયેલ ત્રિદિવસીય મેળા દરમિયાન શુકન મેળામાં ગામની શુકન કમિટિએ કાઢેલા વરતારામાં આગામી વર્ષ ૧૦ આની રહેવાના સંકેતો મળ્યા છે. તેમજ ચોમાસુ સારૂ રહેશે. ભાવમાં તેજી રહેશે. કુદરતી આપત્તિ આવવાની સંભાવના છે તેવો વર્તારો આવ્યો છે.





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# મોડાસામાં ફુડ અને ડ્રગ્સ વિભાગના દરોડા

ઉનાળાની સિઝન ચાલુ થતાની સાથે શહેરમાં ઠેરઠેર ઠંડાપિણાની હાટડીઓ ખુલી જાય છે. જેમાં કેરીનો રસ, લચ્છી, આઈસ્ક્રીમ અને કુલ્ફીનુ વેચાણ કરવામાં આવે છે ત્યારે આજ રોજ મોડાસા શહેરમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓ ધ્વારા મોડાસા નગરમાં આવેલી ઠંડાપીણાની દુકાનોમાં ઓચિંતી તપાસ હાથ ધરતાં ભેળસેળ કરતાં વેપારીઓમાં ફફળાટ વ્યાપી ગયો છે. મોડાસા શહેરમાં હાલ ઉનાળાની સીઝન ચાલુ થતાંની સાથે ઠેરઠેર કેરીનો રસની હાટડીઓ ચાલુ થઈ ગઈ છે તો બીજી બાજુ લચ્છીના પાર્લર પણ ચાલુ થઈ ગયા છે ત્યારે કેટલાક વેપારીઓ ધ્વારા પૈસા કમાવાની લાલચે કેરીના રસમાં પપૈયા એસેન્સસ અને સેક્રીનની ભેળસેળ કરવામાં આવે છે. ત્યારે લચ્છીમાં સોઝી કસ્ટર પાવડર અને સીંગોડાનો રસ ભેળ કરીને જનતાના આરોગ્ય સાથે ચેડા કરવામાં આવે છે. ત્યારે આવા વેપારીને સબક શીખવાડવા માટે આજે ફુડ અને સેફટી વિભાગ ધ્વારા ઓચિંતી તપાસ હાથ ધરતાં વેપારીઓમાં ફફળાટ વ્યાપી ગયો છે. ત્યારે મોડાસા બસ સ્ટેશન વીસ્તારમાં આવેલ મનોહર કુલ્ફી નામના દુકાનમાંથી લચ્છીના નમુના લેવાતા લોકોમાં અનેક તર્ક વિર્તકો થવા પામ્યા છે.

# ઊંઝા પાંજરાપોળમાં અચાનક આગ લાગતા સાત લાખનો ઘાસચારો બળીને ખાખ

ઊંઝા, તા. ૨૫

ઊંઝા પાંજરાપોળની ભાંખર વીડમાં આજે સવારે અચાનક આગ લાગતાં ઘાસચારો બળી જવાથી અંદાજે છ થી સાત લાખનું નુકશાન થયું હતું.

ઊંઝા નજીકના ભાંખર ગામની સીમમાં ઊંઝા પાંજરાપોળ સંચાલિત વીડ આવેલ છે. આ વીડમાં પાંજરાપોળના પશુઓ માટે ઘાસચારો મુકવામાં આવ્યો હતો. જેમાં આજથી વીસેક દિવસ અગાઉ આગ લાગતા ૮૦ હજાર જેટલા ઘાસના પુળા સળગી જતાં ૧૫ લાખ રૂપિયાનું નુકશાન થવા પામ્યું હતું.

દરમિયાન આજ સ્થળે આજે સવારે દસેક વાગ્યાના સુમારે પુનઃ આગ લાગતાં તંત્રો દોડતા થયા હતા. આગની જાણ થતાં ઊંઝાથી ફાયર ફાઈટરો ઘટનાસ્થળે દોડી ગયા હતા અને આગને કાબુમાં લીધી હતી. જો કે આ દરમિયાન અંદાજે ૩૨ થી ૩૩ હજાર જેટલા બાજરી અને જુવારના પુળા બળીને રાખ થઈ ગયા હતા. આથી લગભગ છ થી સાત લાખ રૂપિયાનું નુકશાન થયું હતું.

આમ છેલ્લા ચાલુ માસ દરમિયાન ભાખરવાડમાં બે વાર આગ લાગવાથી ઘાસચારોનો મોટોજથ્થો બળી જતાં અંદાજે છ થી સાત લાખનું નુકશાન થયેલ છે. આ બનાવ અંગે ઊંઝા પોલીસે જાણવાજોગ નોંધ કરી તપાસ હાથ ધરી છે.



(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

## રવિયામાં આરોગ્ય વિભાગના ક્વાટર્સ ખંડેર બન્યા

ધાનેરાના રવિયા ગામમાં વર્ષોથી બનાવેલા આરોગ્યતંત્રના ક્વાટર્સ ખંડેર હાલતમાં પહોંચ્યા છે. તો વળી ઘણા બધા ક્વાટર્સ બંધ હાલતમાં અસામાજિક બદી ફેલાઈ છે. હાલમાં બાંધકામ વિભાગ ક્વાટર્સની આજુ બાજુ સરક્ષણ દિવાલ કરવામાં આવી રહી છે. આમ તંત્ર તરફથી બિન જરૂરી નાણાનો બગાડ થઈ રહ્યો છે. ત્યારે બાંધકામ વિભાગ આ દિવાલનો ખર્ચ બંધ કરી ખંડેર મકાનોમાં રીપેરીંગ કામ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# મોડાસામાં બે આઈવા ટ્રક ચોરીનો ભેદ ઉકેલાયો : આરોપી પકડાયો

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના પોલીસ અધિક્ષક મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ અરવલ્લી જિલ્લા એલ.સી.બી. પોલીસે મોડાસા શહેરમાંથી બે આઈવા ટ્રકની ચોરી કરી ફરાર થઈ ગયેલા આરોપીઓ પૈકી મુખ્ય સુત્રધાર આરોપીને રાજસ્થાનના ઉદેપુર શહેરમાંથી બાતમીના આધારે દબોચી લીધો હતો. આઈવા ટ્રક ચોરનાર આરોપીને મોડાસા ટાઉન પોલીસ દ્વારા જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં થોડાક સમય પહેલા મોડાસા બાયપાસ રોડ પર આવેલી સહયોગ ચોકડી નજીક દેવરાજ ફ્લેટના કોમન પ્લોટમાંથી બે આઈવા ટ્રક જીજેરવીવી ૨૯૫૬ અને જીજેરવીવી૭૯૨ ની મળી કુલ ૨૦૦૦૦૦૦ રૂ. ના ટ્રક ચોરી રાત્રીના સમય દરમ્યાન ફરાર થઈ ગયા હતા. જેની ટ્રક માલિક દ્વારા મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાતા આ આરોપીઓને ઝડપી પાડવા અરવલ્લી જિલ્લા અધિક્ષક મયુર ચાવડાએ અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસને તપાસ સોંપતા અરવલ્લી જીલ્લા એલસીબી પી.આઈ. પી.કે. પટેલ એ એલસીબી સ્ટાફ દ્વારા પગેરૂ મેળવી બાતમીના આધારે ગોપલાલ હુકાજી ભીમાજી ડાંગી ઉં.વ. ૨૬ વર્ષ (લકડવાસ, તા. ગિરવા રાજસ્થાન)ની ધરપકડ ઉદેપુર (રાજસ્થાન)માંથી કરી હતી અને આરોપીએ ચોરી કરવા માટે ઉપયોગમાં લીધેલ ઈનોવાકાર અને મોબાઈલ મળી કુલ ૫,૦૨૦૦૦ ના મુદ્દામાલ જપ્ત કર્યો છે.જ્યારે આઈવા ટ્રક ચોરવા ગુન્હામાં અન્ય ત્રણ આરોપીઓ રતનલાલ હુકાજી ડાંગી, પુરણ મોડાજી ડાંગી, દિનેશ માળી (હાલ રહે. ઉદેપુર)ને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

એલસીબી પોલીસના પી.આઈ. પી.કે. પટેલના જણાવ્યા અનુસાર ધરપકડ કરાયેલ આરોપી ગોપલલાલ હુકાજી ડાંગી તેમજ તેના અન્ય સાગરીતોએ રાજસ્થાનના રાજનગર, નાથદ્વારા, પ્રતાપનગર, ગોરધન વિલાસ વગેરે વિસ્તારોમાં પણ મુખ્યત્વે આઈવા ટ્રક તેમજ ડમ્ફર અને ટ્રકની ચોરીઓને અંજામ આપવામાં આવ્યો છે. આરોપીની ધરપકડ કરી અન્ય ફરાર આરોપીઓને ઝડપી પાડવા કવાયત હાથ ધરવામાં આવી છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## દેમતી આશ્રમ શાળાનું રેકર્ડ કબજે લેવાયું

પોશીના તાલુકામાં આવેલ દેમતી આશ્રમ શાળામાંથી ત્રણ માસ પહેલા ચાર્જ મુક્ત થયેલ આચાર્યાએ સ્ટોરરૂમ, કોમ્પ્યુટરરૂમ અને રેકર્ડ રૂમનો કબજો પોતાની મન મરજીથી સંસ્થાને ન સોંપાતા મંગળવારે શિક્ષકો અને ગ્રામજનોની હાજરીમાં પંચનામુ કરી પોલીસે રેકર્ડ કબજે લીધુ હતુ. દેમતીના શ્રીકાન્ત આશ્રમ શાળામાંથી ત્રણ મહિના પહેલા ચાર્જ મુક્ત થયેલ અને મહિના અગાઉ કોટડા આશ્રમ શાળામાં બદલી કરાયેલા પૂર્વ આચાર્યા સંગીતાબેન પરાલે સ્ટોર રૂમ, કોમ્પ્યુટર રૂમ અને રેકર્ડ રૂમનો કબજો એક મહિનાથી પોતાની પાસે રાખ્યો હતો. ત્યાર બાદ આ અંગે આશ્રમ શાળાના માનદ નિયામક સમક્ષ શિક્ષકો દ્વારા લેખિત જાણ કરાઈ હતી તેમ છતાં આચાર્યએ સંસ્થાના રેકર્ડનો કબજો આપતા ન હતા. બીજી તરફ આ અંગે શાળાના શિક્ષક નયનભાઈ જોષી, નરેશભાઈ કટારાએ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પંચનામુ કરી રૂમના તાળા તોડી રેકર્ડ કબજે લેવાયું હતું.

# પ્રાંતિજ ગુજરાતી શાળાના બાળકોને તિથી ભોજન પિરસાયુ

પ્રાંતિજ, તા.૨૫

સાબરકાંઠા જિલ્લના પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ પ્રાથમિક ગુજરાતી શાળા નંબર-૩માં મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવી ચુકેલ સ્વ. શિવાભાઈ રાનાભાઈ ચૌહાણના પુત્રવધુ ડાભી નયનાબેન મોહનલાલ તરફથી શાળામાં ભણતા તમામ બાળકોને તિથી ભોજન આપવામાં આવ્યું હતું. જેમાં બાળકોની સાથે શાળાના સ્ટાફ સહિત એસ.એમ.સી. કમિટીના સભ્યો સહિત સૌએ તિથી ભોજનનો લાભ લીધો હતો.



શ્રી મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત શ્રી એસ.કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ એમ આર્ટસ કોલેજ મોડાસાનો ૫૫મો વાર્ષિકોત્સવ મુખ્ય મહેમાન ડૉ. કે.કે. પટેલ, અતિથિ વિશેષ તરીકે વનવિકાસ નિગમનાં ચેરમેન ડૉ. કે.એમ. ડીંડોર ઉપપ્રમુખ સુભાષભાઈ શાહની હાજરીમાં ભારે ધામધૂમથી ઉજવાયો હતો. મંડળના પ્રમુખ નવીનચંદ્ર આર. મોદીની ઉપસ્થિતિમાં વર્ષ દરમિયાન અધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ કરેલી વિશિષ્ઠ સિધ્ધિઓને બિરદાવવામાં આવી હતી. મહેમાનોના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવ્યા હતા. કોલેજની પ્રવૃત્તિઓનો અહેવાલ સ્નાતક જી.એસ. અવિનાશ રાઠોડ અને અધ્યાપકો તથા વહીવટી કર્મચારીનો અહેવાલ અધ્યક્ષ પ્રા. ભાવનાબેન શાહે રજુ કર્યો હતો. મહેમાનોનું સ્વાગત કોલેજના આચાર્ય દિપકભાઈ જોષીએ કર્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું હતું. જેનું સંચાલન સમગ્ર ટીમે કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. જીતેન્દ્ર સુથાર અને ઈનામ વિતરણ વ્યવસ્થા પ્રા. ડૉ. અશોક પટેલ, નાયાણી મનુભાઈ અને પ્રા. પ્રજ્ઞાબેન ગાંધી તથા પ્રા. એમ.બી. દેશમુખ, ચેતનભાઈ પાધ્યાએ કર્યું હતું. જયારે આભારવિધિ એલ.આર. સપનાં રાજપૂતે કરી હતી. કાર્યક્રમની સફળતામાં આચાર્યશ્રી એસ.આર.સી.ના સભ્યો તથા સમગ્ર કોલેજ પરિવારગણે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. (તસવીર : બાબુભાઈ પટેલ)

# મોડાસાની બી.સી.એ. કોલેજમાં વાર્ષિકોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જિલ્લાના મોડાસાના કોલેજ કેમ્પસ ખાતે બી.સી.એ./પી.ડી.ડી.સી.એ./અને એમ.એસ.સી. (સી.એ. એન્ડ આઈ.ટી.) કોમ્પ્યુટરના શિક્ષણ આપતી ત્રણેય કોલેજના વાર્ષિકોત્સવ અરવલ્લી જિલ્લાના નવા વરાયેલા કલેક્ટર એસ. છાકછુઆકના સાનિધ્યમાં યોજાયો હતો. કલેક્ટરે ત્રણેય કોલેજોની પ્રવૃત્તિઓ તેમજ મંડળની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. કલેક્ટરના હસ્તે યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ આવેલ વિદ્યાર્થીઓને ગોલ્ડમેડલ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળના નવા વરાયેલા પ્રમુખશ્રી નવીનચંદ્ર આર. મોદીએ કોલેજ કેમ્પસની અંદર સૌ પ્રથમવાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર કલેક્ટરશ્રીનું અભિવાદન કરી શુભેચ્છા પાઠવી હતી. કોલેજના પ્રભારીમંત્રી સુરેન્દ્રભાઈ જે. શાહે આ પ્રદેશમાં કોમ્પ્યુટરની શિક્ષણ આપતી આ ત્રણેય કોલેજની પ્રવૃત્તિઓને બિરદાવી આ કોલેજને મળેલ કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડીયાના કેન્દ્ર દ્વારા આ પ્રદેશની જુદી જુદી સ્કૂલોમાં રૂબરૂ જઈ કોમ્પ્યુટરનું પાયાનું શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. તેમજ કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા અભ્યાસની સાથે સાથે સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

આ પ્રસંગે મંડળના પૂર્વ પ્રમુખ અને ટ્રસ્ટી ડૉ. અરૂણભાઈ એન. શાહની પ્રમુખ તરીકેની કામગીરી બિરદાવી અરવલ્લી જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆકના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

# મોડાસાના તિરુપતી બાલાજી બંગ્લોઝમાં શોર્ટ સર્કીટથી આગ

મોડાસા શહેરમાં આવેલી બાલાજી કોમ્પ્લેક્ષની પાછળ આવેલ તીરપતી બાલાજી બગ્લોઝના એક મકાનમાં બપોરના સમયે મકાનના ઉપલા માળે સોર્ટસર્કીટના કારણે આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. નગરપાલિકા પ્રમુખના પુત્ર પરેશભાઈ પટેલના મકાનમાં આજે ઈલેક્ટ્રીક સોર્ટ સકીર્ટના કારણે મકાનના આગ લાગતા ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી.




ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦



આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧



आधार आम आदमी का अधिकार | देना बैंक DENA BANK (भारत सरकार का उद्यम) विश्वस्त पारिवारिक बैंक | देना है तो भरोसा है | PAHAL

સાબરકાંઠા, અરવલ્લી તથા ગાંધીનગર જીલ્લાની પ્રજા જોગ નિવેદન

તમારો આધાર નંબર પોતાના બેંક ખાતામાં નોંધાવો અને સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ મેળવો

સાબરકાંઠા, અરવલ્લી તથા ગાંધીનગર જીલ્લાઓની પ્રજા જોગ નિવેદન છે કે, તમો વહેલામાં વહેલી તકે તમારો આધાર નંબર (UID) પોતાના બેંક ખાતામાં નોંધાવો, સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ (DBT) હવેથી બેંકનાં ખાતામાં તથા આધાર નંબર પ્રમાણે જ આપવામાં આવશે, તો આ તકનો લાભ વહેલામાં વહેલી તકે મેળવો.

વધુ વિગત માટે નજીકની બેંક-શાખા અથવા 'બેંક મિત્ર'નો સંપર્ક કરો.

પ્રધાનમંત્રી जन-धन योजना

અગ્રણી જીલ્લા મેનેજર
સાબરકાંઠા, અરવલ્લી
તથા ગાંધીનગર

ઝોનલ મેનેજર
દેના બેંક
જીલ્લાઓની અગ્રણી બેંક